Extra No. 421

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, NOVEMBER 26, 2025 / AGRAHAYANA 5, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો :-

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં.૩ ચાણસ્માના પત્ર જા.નં. નયોમુન. વિ.૩/પીબી / ડાયવર્ઝન -૩૧૯.૪૦૦ કિ.મી/૨૦૦૫/૨૦૨૫, તા.૨૪/૧૧/૨૦૨૫

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૫૦૪૭ થી ૧૫૧૧૧/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં.૩ ચાણસ્માના પત્ર જા.નં.નયોમુન. વિ.૩/પીબી / ડાયવર્ઝન -૩૧૯.૪૦૦ કિ.મી/૨૦૦૫/૨૦૨૫, તા.૨૪/૧૧/૨૦૨૫ થી નર્મદા મુખ્ય નહેર પર વિવિધ ગ્રામ્ય માર્ગ પસાર થાય છે જે પૈકી મેસરા-અજબપુરા તરફ જતો ગ્રામ્ય માર્ગ કે જે નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૧૯.૪૦૦ કિ.મી. પર નર્મદા મુખ્ય નહેરને ઓળંગે છે તે બ્રિજની પ્રાથમિક ચકાસણી કરવામાં આવી રહેલ છે અને ત્યારબાદ વિગતવાર ચકાસણી પૂર્ણ કર્યા બાદ તેનો સમીક્ષા રિપોર્ટ પ્રાપ્ત થાય ત્યા સુધી અથવા વધુ ૨(બે) માસ સુધી (જે વહેલુ હોય ત્યા સુધી) નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૧૯.૪૦૦ કિ.મી. પરથી પસાર થતા મોજે. મેસરા-અજબપુરા તા. ચાણસ્મા જિ. પાટણને જોડતા ગ્રામ્ય માર્ગ નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૧૯.૪૦૦ કિ.મી. પર નર્મદા મુખ્ય નહેર પરના બ્રીજ પરથી તમામ વાહનોને પસાર થવા પર પ્રતિબંધિત કરવા જાહેરનામાની મુદ્દત લંબાવવા દરખાસ્ત કરેલ છે.

અત્રેના જિલ્લાની અધિકાર ક્ષેત્રની નર્મદા નિગમ હેઠળની નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૧૯.૪૦૦ કિ.મી. પર આવેલ બ્રિજનું બાંધકામ આશરે ૨૫ વર્ષ જૂનું હોઈ, અગમચેતીના ભાગ રૂપે કોઈ દુર્ઘટના ના થાય તે સારૂ તમામ વાહનો સદર બ્રીજ ઉપરથી પસાર થવા પર પ્રતિબંધિત કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગેની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ(IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ અત્રેના જિલ્લાની અધિકાર ક્ષેત્રની નર્મદા નિગમ હેઠળની નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૧૯.૪૦૦ કિ.મી. પર આવેલ બ્રિજનું બાંધકામ આશરે ૨૫ વર્ષ જૂનું હોઈ, અગમચેતીના ભાગ રૂપે કોઈ દુર્ઘટના ના થાય તે સારૂ તમામ વાહનો સદર બ્રીજ ઉપરથી પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા સદર સમયગાળા દરમ્યાન નીચેના જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

- મેસરા-મોઢેર-મીઠીધારીયાલ-ખોખલા-અજબપુરા

::અમલવારીનો સમયગાળો::

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

સદરહું જાહેરનામા નિયમોના ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યકિત / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ -૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે તથા આ જાહેરનામાના ભંગ બદલ BNS-2023 ની કલમ ૨૨૩ તળે કાયદેસર કાર્યવાહીને પાત્ર ઠરશે.

સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ / વ્યકિત / સંસ્થા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ-૩, ચાણસ્મા કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

આજ રોજ તારીખ :૨૬/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ IAS,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.12.10 17:31:22 IST